જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગરના ૭૫૦ વિદ્યાર્થીઓએ એન્ટી રેગીંગ અન્ડરટેકીંગ આપ્યું

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ માટે સાનુકૂળ વાતાવરણ : રેગીંગ અટકાવવા જાગૃતિના પગલા લેવાયા : ડીન. ડૉ. વ્યાસ

ગાંધીનગર, તા. ૨

જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે ૭૫૦ જેટલા મેડીકલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તેમના વાલીઓની સહી સાથે ઓનલાઈન તેમજ કોલેજ સમક્ષ એન્ટી રેગીંગ અન્ડરટેકીંગ આપ્યું છે. સુપ્રિમકોર્ટ, યુજીસી અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન મુજબ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે ડીન ડૉ. અરૂણ એચ. વ્યાસની અધ્યક્ષતામાં કોલેજ દ્વારા રચવામાં આવેલી એન્ટી રેગીંગ કમિટીની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોલેજમાં રેગીંગની પ્રવૃત્તિ અટકાવવા માટે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના પગલાં અંગે વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ડૉ. વ્યાસે કહ્યું હતું કે સુપ્રિમ કોર્ટ, યુની. ગ્રાન્ટ કમિશન અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન મુજબ કોલેજના ૭૫૦ વિદ્યાર્થીઓએ ઓનલાઈન તેમજ કોલેજ સમક્ષ પોતાના વાલીઓની સહી સાથે એન્ટી રેગીંગ અન્ડર ટેકીંગ આપતા ફોર્મ સબમિટ કર્યા છે. કોલેજ કેમ્પસમાં ખુબ સાનુકૂળ વાતાવરણમાં અભ્યાસ કરી રહ્યા છે તેમ છતાં રેગીંગની કોઈ ઘટના ન બને તે માટે કોલેજ કેમ્પસ-હોસ્ટેલમાં પણ ૨૪ કલાક સી.સી. ટીવી નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કોલેજ અને હોસ્ટેલમાં જાગૃતિ લાવવાના ભાગરૂપે સાઈનેઝ બોર્ડ પણ મુકવામાં આવ્યા છે તેવી જ રીતે એન્ટી રેગીંગ સ્કવોર્ડના સભ્યોના નામ અને મોબાઈલ નંબર ઉપરાંત ઓનલાઈન ટોલ ફ્રી નંબરો પણ મુકવામાં આવ્યા છે. પ્રવેશ કાર્યવાહી વખતે વિદ્યાર્થીઓને રેગીંગના ગુના સામે કડકમાં કડક શિક્ષાત્મક જોગવાઈઓની માહિતી આપતી પુસ્તીકાઓ પણ આપવામાં આવી છે. તેમજ સમયાંતરે એન્ટી રેગીંગ સ્કવોર્ડના સભ્યો દ્વારા હોસ્ટેલમાં આકસ્મિક તપાસ પણ હાથ ધરવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓમાં સલામતી વાળુ વાતાવરણ ઉભું થયું છે.

ખાસ ઉલ્લેખનીય છે કે સુપ્રિમકોર્ટ, યુની. ગ્રાન્ટ કમિશન અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડલાઈન મુજબ રેગીંગના ગુનાની ગંભીરતા જોઈને તપાસના અંતે સંબંધિત દોષિત વિદ્યાર્થીને ૨૫,૦૦૦થી એક લાખ સુધીનો દંડ, ક્લાસમાંથી સસ્પેન્શન, હોસ્ટેલમાંથી દૂર કરવા અને વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવા સુધીની જોગવાઈ પ્રવર્તમાન નિયમોમાં છે.

આજે જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે મળેલી એન્ટી રેગીંગ કમિટીની બેઠકમાં ડીન ડૉ. અરૂણ એચ. વ્યાસ ઉપરાંત મનિષ વ્યાસ- વરિષ્ઠ પત્રકાર ગાંધીનગર, ડૉ. એસ.એસ. સૈયદ, એચ.ઓ. ડી. એનાટોમી, ડૉ. જયદીપ ગઢવી-એપી સર્જન, ડૉ. શોભના ગુપ્તા પ્રોફેસર અને હેડ એનેસ્થેસીયા અને ડૉ. શોભના ચંદનાની પ્રોફેસર અને હેડ બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ઈસનપુર મોટા ખાતે ૨૦ સગર્ભા બહેનોને કીટ વિતરણ

તાલુકાના ઈસનપુર મોટા ખાતે અગ્રણી ઉદ્યોગપતિ વિષ્ણુભાઈ એમ. પટેલના ૭૫મા (જન્મદિવસ) અમૃત મહોત્સવ પ્રસંગે તથા તેમના દિર્ઘાયું માટે ગ્રામજનો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ગામની ગરીબ પરિવારોની સગર્ભા બહેનોને ચોખા, દાળ, ઘી, ગોળ અને તેલની અંદાજે રૂ. ૫૦૦ની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ તેવી તસવીર.

હિમતનગરમાં શ્રી અડાઠમ જથ નાયી સમાજનો ૧૮મો સમૂહલગ્નોત્સવ યોજાયો

લગ્નગ્રંથીથી જોડાયેલા દંપતી સહીત ચાર જવાનોનું સન્માન કરાયું : ૧૬ નવ વધુઓએ બેટી બચાવો અને સ્વચ્છતાના શપથ લીધા

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ખાતે ગુરુવારે લીમ્બચ માતાજીના મદિરના પટ્ટાગણમાં શ્રી અડાઠમ જથ નાયી કેળવણી મંડળ ધ્વારા સમાજનો ૧૮ મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો જેમાં સમાજના ૧૬ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.તો નવવધુઓએ બેટી બચાવો અને સ્વચ્છતાના શપથ લીધા હતા.

બીજી તરફ સમાજ ધ્વારા ૧૬ નવદંપતીઓ પૈકી દેશની સેવામાં જોડાયેલા એક દંપતી સહીત ચાર જણાનું સન્માન કરવામાં આવ્યું હતું.આજે જોડાયેલા નવ દંપતી પૈકી હિમતનગરના નિકોડા ગામના ચંદ્રકાંત લાવાભાઈ નાયી જે આસામ ખાતે બીએસએફમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.જયારે તેમની સાથે આજે લગ્નગ્રંથીથી જોડાયેલ હિમતનગરના રાયગઢ ગામની પૂજા કમલેશ નાયી મણીપુર ખાતે સીઆરપીએફમાં કોબ્રા કમાન્ડોમાં ફરજ બજાવે છે.આ સિવાય અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રીંટોડાના પરિમલ જગદીશભાઈ નાયી એમપી માં ગ્વાલિયર ખાતે સીઆરપીએફમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.

દેશની સેવા કરવા જોડાયેલા ચારેય જવાનો આજે લગ્નગ્રંથી થી જોડાયા હતા જેમની સમજે નોધ લઈ સમાજના પ્રમુખ દશરથભાઈ નાયી,બીપીનભાઈ શર્મા અને વસંતભાઈ નાયી ધ્વારા વિશિષ્ટ સન્માન કર્યું હતું.

ખેલો ઈન્ડિયાની હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાતનું પ્રભુત્વ

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાંઈ સંકુલ ખાતે આજે ખેલો ઈન્ડિયા રમતોત્સવનું સમાપન થયું હતું. ખેલો ઈન્ડિયા અંતર્ગત અત્રે રમાયેલ હેન્ડબોલની રમતમાં ગુજરાતની ટીમોએ ડંકો વગાડી દીધો છે. હેન્ડબોલની પુરૂષ અને મહિલા બન્ને વિભાગની અન્ડર-૧૪ તથા અન્ડર-૧૭ કેટેગરીમાં ગુજરાતની ટીમો વિજેતા થતા સમગ્ર રાજ્યના ખેલાડીઓમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. ગાંધીનગરના સે. ૧૫માં સાંઈ સંકુલ ખાતે યોજાયેલ ખેલો ઈન્ડિયા હેન્ડબોલ ટૂર્નામેન્ટમાં પુરૂષ અને મહિલા વિભાગની બન્ને કેટેગરીમાં ગુજરાતની ટીમે ચેમ્પિયનપદ પ્રાપ્ત કર્યું છે. જેમાં સાઈના હેન્ડબોલ કોચ શનિમોહન ધુમાલ તથા તેમના સહયોગી કોચ સુરિન્દર દહિંયા, સુધાકર આચાર્ય, વિક્રમજીત વગેરેનો સિંહફાળો રહેલો છે. ગુજરાતની ટીમોએ અન્ડર-૧૪ તથા અન્ડર-૧૭ બંને કેટેગરીમાં બૉયઝ અને ગર્લ્સ બંનેમાં વિજેતા પદ હાંસલ કર્યું છે. જ્યારે આ ચારેય સ્પર્ધામાં હરિયાળાની ટીમો રનર્સઅપ રહી હતી. ગુજરાતની ટીમોમાં અન્ડર-૧૭માં બોયઝ ટીમમાં સાઈના ૮ અને ગર્લ્સ ટીમમાં પણ ૮ ખેલાડી હતા. જ્યારે અન્ડર-૧૪માં બોયઝ ટીમમાં સાઈના ૪ તથા ગર્લ્સ ટીમાં ૬ ખેલાડી હતા. ગુજરાતની ટીમોના કોચ પ્રવિણસીંઘ, ઈમરાન પઠાન, કૌશિક પટેલ તથા સંતોષ પાંડે હતા. આ સ્પર્ધાના કોમ્પિટીશન ડાયરેક્ટર શશિમોહન ધુમાલ હતા. ગુજરાતની ચારેય ટીમને સાઈના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુએ અભિનંદન પાઠવ્યા હતા.

ભાજપની આદિવાસી ગૌરવ યાત્રા માટે સાબરકાંઠામાં તૈયારીઓ આરંભાઈ

હિંમતનગર, તા. ૨

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં આગામી તા. ૭ ફેબ્રુઆરીએ દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ ધર્મસ્થાન ઉનાઈથી નિકળનારી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો સાબરકાંઠા જિલ્લામાં પણ ભવ્ય સ્વાગત થશે તે માટે તડામાર તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે.

મળેલી જિલ્લા કાર્યકરોની બેઠકમાં યાત્રાની વિગતો આપતા જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારે 'પેસા એક્ટ' થી વિસ્તારોના ગ્રામજનોને મળેલા અધિકાર અને ગૌરવને બક્ષતી આ યાત્રા આદિવાસી વિસ્તારના ૧૫ જિલ્લાઓના ૫૦ તાલુકાઓને આવરી લેશે. યાત્રા દરમ્યાન ૫૦૦ જેટલા સ્થાનો પર યાત્રાનું સ્વાગત થશે અને જનસભાને સંબોધન થશે. પ્રદેશ અધ્યક્ષની યાત્રા દરમ્યાન યોજાનાર જાહેર સભાઓમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા, જશવંતસિંહ ભાભોર, ગણપતભાઈ વસાવા, રમીલાબેન બારા સહિત કેન્દ્રીય આગેવાનો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનની સરકારના આદિવાસી મંત્રીઓ સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી ભાજપ સરકારના આદિવાસી સમાજ માટેના વિકાસના કાર્યો અને સંવેદનાપૂર્ણ નિર્ણયો સહિતની બાબતોનું માર્ગદર્શન આપશે. આ યાત્રા સાબરકાંઠા જિલ્લામાં પણ આવશે. જેના સંદર્ભે જિલ્લા કાર્યાલય ખાતે કાર્યકરો સાથે રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. જેમાં ઉપપ્રમુખ વિજયભાઈ પંડ્યા, તખતસિંહ હડીયોલ, અશોકભાઈ જોષી, હિતેશભાઈ પટેલ, જશુભાઈ પટેલ, નટવરસિંહ ભાટી વગેરે ઉપસ્થિત રહેશે.



પાલનપુર-ડીસા હાઈવે પર વિચિત્ર અકસ્માત

પાલનપુર ડીસા હાઈવે પર કોંગ્રેસ કાર્યાલયના સામે ગત મોડી સાંજે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રક અને બસ વચ્ચે એક રાજસ્થાન પાસિંગની કાર ફસાઈ ગઈ હતી. જેમાં કારને નુકસાન થયુ હતુ. સદનસીબે જાનહાની ટળી હતી. જો કે અકસ્માતને પગલે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

મોડાસાનું ગૌરવ

મોડાસા, તા. ૨

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસ.સી. (સી.એ. અને આઈ.ટી.) કોલેજની વિદ્યાર્થીની પટેલ જુહી વિજયકુમારે યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓક્ટો-ડિસે : ૨૦૧૬ની સેમીસ્ટર-૧ ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

મોડાસાની તત્વ ઈજનેરી કોલેજ ખાતે ધ્વજવંદન યોજાયું

પ્રજાસત્તાક દિન નિમિત્તે મોડાસાની તત્વ કોલેજ ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વિવિધ રમતો, રંગોળી, રાષ્ટ્રગાન, દેશભક્તિ પર વ્યાખ્યાન તેમજ ઈનામ વિતરણ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતુ. ધ્વજવંદનના કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે ટ્રસ્ટના ચેરમેન રણવીરસિંહજી પુવાર (રીટા. ડી.વાયએસપી), સરડોઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ અને તેઓને એક અનોખી પરેડ દ્વારા વિદ્યાથી કેડેટ ધ્વજ સુધી દોરી ગયેલ હતા અને તેમાં પણ આ પરેડની આગેવાની એક વિદ્યાર્થીનીએ કરેલ હતી. ચેરમેને દેશની આઝાદીમાં શહીદો તેમજ આપણા વડીલોએ આપેલ બલિદાન વિશે અવગત કરાવેલ હતા. ધ્વજવંદનની સાથે સાથે વર્ષ દરમિયાન સંસ્થાના શ્રેષ્ઠ કર્મચારી તેમજ અન્ય ઈનામો તેમજ પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ હતું. સુંદર કાર્યક્રમમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવાર, મંત્રી ધર્મેન્દ્ર પટેલ, ટ્રસ્ટીઓ રસીકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ તેમજ આચાર્ય ડૉ. એચ.આર. વરીયા અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

ટેસ્ટ કરેલા હોય તો ૩૨૦૦ રૂપિયા પણ લઈ શકાય કારણકે તેની સેન્સીટીવીટી ૯૬ કલાક જ છે એટલે ઈન્ક્યુબેસન પીરીયડ ખુબ ઓછો થઈ જાય છે એટલે લોહી મોટેભાગે શુદ્ધ હોય છે આવુજ બીજા બધા ટેસ્ટમાં પણ હોય છે એટલેકે HIV, HCV, HBSAG, VDRL અને મેલેરિયા પણ ડોક્ટર સાહેબ ઘણી બ્લડબેંક વાળા છેતરે પણ છે ૭૦૦ના ટેસ્ટ કરી ૧૪૦૦ રૂપિયા લઈ લેતા હોય છે તમારી વાત સાચી છે પ્રભુદાસભાઈ પણ તમારે બ્લડ બેંકમાં કઈ મેથડ થી ટેસ્ટ કર્યા છે તેનું પરિણામ માંગી શકાય અને કીટ પણ જોઈ સકાય જો ELISA હોય તો ૧૪૦૦ સુધી બરોબર છે તો ૧૭૦૦ લેતા હોય તો તેના કીટ અને મશીન કેમીલ્યુંમીનેસન ના હોય અને જો ના હોય તો તમે FOOD અને DRUG માં કમ્પ્લેન કરી શકો માટે જ પ્રભુદાસ ભાઈ સસ્તું એટલે સારું એવું જરૂરી નહિ ગોળ નાખીએ એટલુજ ગળ્યું થાય અને અહિયાં તો દર્દીના હિત નો સવાલ છે માટે પૈસા જોવાના ના હોય અને સાથે સાથે છેતરવાનું પણ નથી અને પહેલા તપાસ કરો પછી વિશ્વાસ કરો બ્લડબેંક વાળા ને પ્રશ્નો કરતા ઘભરાતા નહી સસ્તી બ્લડબેંક માંથી લોહી લેવું એના કરતા બ્લડના ચઢાવું સારુંભાઈ હવે મારે અડધો કલાક થયો મારે બહાર પેશન્ટ ભેગા થયા બીજું આવતા અંકે...

sgpathlab@gmail.com

પ્રચારનો અંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કારોબાર અને ભ્રષ્ટાચારનો મુદ્દો સપાટી પર રહ્યો છે. ગોવામાં ૪૦ વિધાનસભા બેઠક છે જે પૈકી એક સીટ એસસી માટે રિઝર્વ રાખવામાં આવી છે. પંજાબમાં મતદાન મથકોની સંખ્યા ૨૨૯૦૦ જેટલી છે. જ્યારે ગોવામાં મતદાન મથકોની સંખ્યા ૧૬૪૨ જેટલી છે. પંજાબમાં શિરોમણી અકાલીદળના પ્રકાશસિંહ બાદલ અને સુખબીરસિંહ બાદલ ચૂંટણી મેદાનમાં છે. કોંગ્રેસના કેપ્ટન અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ પણ મેદાનમાં છે. આમ આદમી પાર્ટી તરફથી ભાગવત માન અને એચએસ ફુલકા ચૂંટણી મેદાનમાં છે. ભાજપ તરફથી જેજે સિંહ મેદાનમાં છે. બીજી બાજુ ગોવા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના લક્ષ્મીકાંત પરસેકર ચૂંટણી મેદાનમાં છે. બંને રાજ્યોમાં મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. પંજાબમાં ૧૧૭ બેઠકો પૈકી ૩૪ બેઠક અનુસૂચિત જાતિ માટે રિઝર્વ રાખવામાં આવી છે. બંને રાજ્યોમાં મતદારયાદીમાં સુધારા થઈ ચુક્યા છે. આની સાથે જ મતદારોની સંખ્યા ક્રમશઃ ૧૯૨૧૪૨૩૬, ૧૦૮૫૨૭૧ છે. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. બન્ને રાજ્યોમાં ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

વિઝા પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સાથે કહેવાતા દેશોમાંથી આતંકવાદીઓને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જે દેશો પર અમેરિકાએ પ્રતબંધ મુક્યા હતા તેમાં ઈરાક, સિરિયા, ઈરાન, સુડાન, લિબિયા, સોમાલિયા, યમનનો સમાવેશ થાય છે. બીજી બાજુ કુવેતે પણ દાખલો બેસાડ્યો છે. કુવેત હવે એકમાત્ર એવું રાષ્ટ્ર બની ગયું છે જે રાષ્ટ્રે ટ્રમ્પના કારોબારી પગલાં પહેલા સિરિયન નાગરિકોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. કુવેત શહેર દ્વારા ૨૦૧૧માં તમામ સિરિયન નાગરિકો માટે વિઝા સસ્પેન્ડ કરવા માટેનો આદેશ જારી કર્યો હતો. ૨૦૧૫માં આતંકવાદીઓની એક ટોળકીએ શિયા મસ્જિદમાં હુમલો કર્યો હતો. જેમાં ૨૭ કુવેતી નાગરિકોના મોત થયા હતા. થોડાક સમય પહેલા જ એટલે કે ૨૦૧૬માં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે કુવેત નિષ્ણાતો માટે વિશ્વમાં સૌથી નિરાશાજનક દેખાવ કરનાર દેશો પૈકી એક છે. તેની સાંસ્કૃતિક કટ્ટરપંથી વિચારધારાના લીધે માઠી અસર થઈ રહી છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના એક સભ્ય તરીકે કુવેત જીસીસી અને ઈરાન વચ્ચે તંગદિલીને ભડકાવવામાં મહત્વપૂર્ણ દેશ તરીકે રહ્યું છે. ટ્રમ્પની યાદીમાં કેટલાક દેશો પહેલાથી જ આવી ગયા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પ્રમુખ ચૂંટાતા પહેલા વચન આપતા કહ્યું હતું કે અમેરિકા ફર્સ્ટની નીતિને અપનાવશે અને સંરક્ષણવાદી નીતિને આગળ વધારશે.

ટ્રેડ નિતીથી.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન શિન્જો આબે અને જર્મન ચાન્સલર એન્જેલા માર્કલે કહ્યુ છે કે તેઓ એક સાથે છે. એમ લાગી રહ્યુ છે કે ટ્રમ્પના વિરોધના કારણે દુનિયાના કેટલાક દેશો હવે એક સાથે આવી રહ્યા છે. આ વિરોધના કારણે જર્મની, જાપાન અને ચીન એક સાથે હાથ મિલાવી શકે છે. યુરોપિયન કાફન્સિલમાં વિદેશી સંબંધોના નિર્દેશક માર્ક લેનર્દે કહ્યુ છે કે ટ્રમ્પની સામે વિશ્વના દેશો એકમત થવા જઈ રહ્યા છે. ટ્રમ્પ પોતાના અમેરિકા ફર્સ્ટના એજન્ડાના કારણે ચીન અને બાકીના દેશો સાથે બિનજરૂરી મતભેદો ઉભા કરવાના પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પના પ્રમુખ તરીકેના ગાળાની શરૂઆત થતા જ આ પ્રકારના વિવાદ અને લડાઈની શરૂઆત થઈ ગઈ છે. એટલુ જ નહી ટ્રમ્પના હજુ સુધીના શાસન દરમિયાન વિવાદ જ પ્રભુત્વ ધરાવે છે. આવી સ્થિતીમાં વૈશ્વિક વેપાર અને કરેન્સીમાં દબાણ સ્પષ્ટ પણે રહે તેવા સંકેત મળી રહ્યા છે. આ દબાણની રૂપરેખા ટ્રમ્પે જ તૈયાર કરી હોવાની માહિતી સપાટી પર આવી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી હજુ સુધી આપવામાં આવેલા સંકેતથી લાગે છે કે આગામી દિવસોમાં પણ ટ્રમ્પ આવી જ નિતી સાથે આગળ વધનાર છે.

આઈટીની નજર.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધારશે. લોકોને કોઈપણ પ્રકારની તકલીફથી બચાવવા માટે આવી લેવડ દેવડની ઓનલાઈન ચકાસણી કરવામાં આવનાર છે. કેશ ડિપોઝીટથી લઈને માહિતી ઈ-ફાઈલીંગ વિન્ડોમાં વિભાગની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. વિભાગના યુઝર ગાઈડમાં કહેવામાં આવ્યું છે કે કેશ ડિપોઝીટની તપાસ કેશ ટ્રાન્જીકશન ૨૦૧૬ના કમ્પલાઈન્સ લીંકના પ્રયોગના આધાર ઉપર કરશે. નવમી નવેમ્બરથી ૩૦મી ડિસેમ્બર વચ્ચે કેશ ડિપોઝીટની માહિતી આમાં દર્શાવવામાં આવશે. કરદાતાઓને પેન નંબર સાથે જોડાયેલી બેંક એકાઉન્ટની માહિતી આપવી પડશે. જો કોઈના એકાઉન્ટ પેન સાથે જોડાયેલા નથી તો વેબસાઈટ પર યોગ્ય વિકલ્પની પસંદગી કરી આવકવેરા વિભાગને માહિતી આપી શકાય છે.

હાફિઝ સઈદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ હાફિજ હવે પાકિસ્તાન છોડીને બહાર જઈ શકશે નહી. અત્રે નોંધનીય છે કે સોમવારના દિવસે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડને તેના સાગરીતોની સાથે ઘરમાં નજર કેદમાં પકડી લેવામાં આવ્યો હતો. હાફિજની સાથે સાથે ૩૭ ત્રાસવાદીઓને પણ દેશ ન છોડવા માટેનો સ્પષ્ટ આદેશ આપી દેવામાં આવ્યો છે.પાકિસ્તાનના ગૃહ મંત્રાલય દ્વારા તમામ પ્રાંતિય સરકારો અને સંબંધિત તપાસ સંસ્થાને પત્ર મોકલીને નિયંત્રણોની જાહેરાત કરી છે. આ પત્રમાં ૩૮ ત્રાસવાદીઓના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ યાદીમાં હાફિજનુ નામ જોડી દેવામાં આવ્યુ છે. યાદીમા જે ૩૮ લોકો છે તે તમામ જમાત ઉદ દાવા અને લશ્કરે તોયબા સાથે સંબંધ ધરાવે છે. હવે આ તમામને પાકિસ્તાનની બહાર જવાની મંજુરી આપવામાં આવશે નહી. પાકિસ્તાનમાં એક વખત ઈસીએલમા મુકી દેવામાં આવ્યા બાદ કોઈ પણ દેશમાં જવા આવા લીડરોને મંજુરી મળતી નથી.

આધારકાર્ડનું કામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કવરેજમાં બાકી રહેતા હતા એટલે સરકારે હવે આંગણવાડી કેન્દ્રોની મુખ્ય સેવિકાઓને આ જવાબદારી સોંપવાનો નિર્ણય કર્યો છે.

આ માટે એક તબક્કાની મુખ્ય સેવિકાઓને તાલિમ અપાઈ ચુકી છે અને બીજા તબક્કાની તાલિમ આગામી સપ્તાહમાં યોજવામાં આવનાર છે. આ પછી તુરત જ આ સેવિકાઓને ટેબ્લેટ આપી દેવામાં આવશે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં આંગણવાડીમાં ભણતા ૬૦ હજાર જેટલા બાળકોના આધારકાર્ડ નીકળી ચુક્યા છે હવે બાકી રહેતા ૨૦ હજાર બાળકોના આધારકાર્ડ ટેબ્લેટ દ્વારા જારી કરવામાં આવશે. માર્ચના અંત સુધીમાં આંગણવાડીના બાળકોને આધારકાર્ડ ઉપલબ્ધ થઈ જાય તે રીતનું આયોજન પણ તૈયાર કરવાની સૂચના સરકારે આપી દીધી છે.